Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંતાભાવ ઉત્પત્તિ-વિનાશથી રહિત હોવાથી નિત્ય પણ છે તથા અન્યોન્યાભાવથી ભિન્ન હોવાથી સંસર્ગાભાવરૂપ પણ છે, માટે અત્યંતાભાવનું ઉક્ત લક્ષણ સંભવે છે.

૨. **त्रैकालिकसंसर्गावच्छिन्नप्रतियोगिताकोऽभावः**—નિત્યસંસર્ગસંબંધવાળા પ્રતિયોગીનો અભાવ. જેમ-જળમાં ગંધ ગુણનો અત્યંતાભાવ છે. એ અભાવનો પ્રતિયોગી ગંધ છે. એ ગંધનો જળ સાથે હંમેશા સંસર્ગ હોતો નથી, માટે ગંધનો જળમાં અત્યંતાભાવ કહેવાય છે.

૩. પોતાના પ્રતિયોગીનો અસમાનાધિકરણ જે અભાવ તે અત્યંતાભાવ. જેમ પૃથ્વી વગેરેમાં ઘટનો અત્યંતાભાવ છે. તે પોતાનો પ્રતિયોગી જે ઘટ તેના અધિકરણથી ભિન્ન અધિકરણમાં રહે છે.

૪. જે વસ્તુ છેજ નહિ, તેનો પણ અત્યંતાભાવ કહેવાય છે. જેમ-વંધ્યાપુત્ર, શશશૃંગ, ઇત્યાદિનો અત્યંતાભાવ છે.

**अत्यन्तायोगव्यवच्छेदः**-જેમ 'नीलं सरोजं भवत्येव' (કાળું કમળ થાય છે જ) એમાં 'एव' (જ) પદવડે 'કાળું કમળ નથીજ થતું' એ વાતનો નિરાસ કર્યો છે, તે અત્યંતાયોગવ્યવચ્છેદ છે.

**अदृष्टम्**-विधिनिषेधजन्यत्वे सत्यतीन्द्रियत्वम्।-વિહિત કર્મ કરવાથી ધર્મ ઉત્પન્ન થાય છે અને નિષિદ્ધ કર્મ કરવાથી અધર્મ ઉત્પન્ન થાય છે. તે ધર્માધર્મ લૌકિક ઇંદ્રિયોથી ગમ્ય નથી માટે અતીન્દ્રિય છે. તેથી તે ધર્માધર્મને અદૃષ્ટ કહે છે. એનું બીજું નામ 'અપૂર્વ' છે.

**अदृष्टविशेषजन्यं (शरीरम्)**—જે શરીર કેવળ પુણ્યપાપરૂપ અદૃષ્ટવિશેષવડે ઉત્પન્ન થાય છે તે અદૃષ્ટવિશેષજન્ય કહેવાય છે. જેમ, સ્વર્ગમાં રહેલા દેવતાનાં શરીર તથા નરકનાં રહેલા નારકી જીવોનાં શરીર. તેમાં પુણ્યવિશેષસહકૃત પરમાણુઓથી દેવતાનાં અને પાપવિશેષસહકૃત પરમાણુઓથી નારકી જીવોનાં શરીરો ઉત્પન્ન થાય છે.

**अद्भुतः**-सिद्धस्य धर्मिणो धर्मान्तरावयवैर्योगः।—સિદ્ધ એવા ધર્મીનો બીજા ધર્મીના અવયવો સાથે યોગ. ૨. વિસ્મય સ્થાયીભાવથી વ્યક્ત થતા રસનું નામ.

**अद्वैतम्**—સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદથી રહિત.

**अधमः**-भयदयालज्जाशून्यः।—ભય, દયા અને લાજથી રહિત. ૨. (કામશાસ્ત્રમાં) કર્ત્તવ્ય-અકર્ત્તવ્યનો જેને વિચાર ન હોય તે.

**अधर्म**-दुःखासाधारणकारणं अधर्मः।—દુઃખનું જે અસાધારણ કારણ તે અધર્મ કહેવાય છે. પ્રાણીઓને જે દુઃખ થાય છે તે અધર્મ વડેજ થાય છે. અધર્મ વિના દુઃખ પ્રાપ્ત થાય નહિ. માટે ઉક્ત લક્ષણ સંભવે છે.

૨. निषिद्धकर्मजन्यनरकजनकवृत्तिगुणत्वव्याप्यजातिमानधर्मः।—શ્રુતિ-સ્મૃતિરૂપ શાસ્ત્રવડે નિષિદ્ધ જે હિંસાદિક કર્મ છે, તે નિષિદ્ધ કર્મોવડે જે વસ્તુજન્ય હોય છે તથા નરકની જનક હોય છે તે વસ્તુમાં વર્તનારી, તથા ગુણત્વજાતિ (સામાન્ય)-ની વ્યાપ્ય જે (અધર્મત્વ) જાતિ છે, તે જાતિ (સામાન્ય) વાળો ગુણ તે અધર્મ કહેવાય છે.

૩. वेदादिनिषिद्धकर्मजन्यपापम्।—વેદાદિએ નિષિદ્ધ ગણેલાં કર્મ ઉત્પન્ન થયેલું પાપ તે અધર્મ.

૪. बलवदनिष्टप्रयोजकत्वे सति वेद प्रमापितत्वम्।—અત્યંત અનિષ્ટનો હેતુ હોઇને વેદમાં જેનો નિષેધ કરેલો છે તે અધર્મ.

૫. वेदबोधितानिष्टसाधनताकम्।—વેદે કહેલું હોઇને જે અનિષ્ટનું સાધન હોય તે અધર્મ. જેમ-હિંસાયુક્ત અભિચાર કર્મો વેદે કહેલાં છતાં તે અનિષ્ટનાં હેતુ છે માટે તે અધર્મ છે.

**अधर्मपदार्थ**-(જૈન મતે) જીવની સંસાર વિષે જે સ્થિતિ છે, તે સ્થિતિરૂપ

For Private And Personal Use Only

JAIN REFERENCE LIBRARY ACHARYA SURENDRASURI JAIN TATVA GYANSHALA Page 2/2

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેતુથી જેનું અનુમાન થાય છે તે અધર્મ પદાર્થ છે.

**अधिकम्**—अधिकहेत्वादिकथनमधिकम्।—એક હેતુ તથા એક દષ્ટાંત વડે સાધ્યની સિદ્ધિનો સંભવ છતાં જે અધિક હેતુનું તથા અધિક દષ્ટાન્તનું કથન, તેને અધિક કહે છે જેમ–पर्वतो वह्निमान् धूमात् आलोकात् महानसवत् चत्वरवत्।—આ અનુમાનમાં એક ધૂમરૂપ હેતુથી તથા એક મહાનસ ( રસોડું ) રૂપ દષ્ટાંતથી પર્વતમાં અગ્નિરૂપ સાધ્યની સિદ્ધિ થઈ શકે છે; એમ છતાં આલોક ( પ્રકાશ )રૂપ હેતુનું અને ચત્વર ( આંગણાની જગો ) રૂપ દષ્ટાન્તનું કથન કર્યું છે તે અધિક કહેવાય છે.

**अधिकरण**—જે કોઈપણ વસ્તુનો આધાર હોય તે અધિકરણ કહેવાય છે.

૨. साक्षात्परंपरया वा क्रियाश्रयः।—સાક્ષાત્ કે પરંપરાથી જે ક્રિયાનો આશ્રય હોય તે.

૩. बोधकवाक्यसमुदायः।—બોધ આપઆપનારાં વાકયોનો સમુદાય.

૪. वेदविचारात्मकोन्यायः।—વેદવિચારરૂપ ન્યાય. એ ન્યાયરૂપ વિચાર નીચેનાં પાંચ અંગોનો આધાર છે માટે એ પાંચ અંગવાળું અધિકરણ કહેવાય છે. જેમ–

૫. विषयसंशयसंगतिपूर्वपक्षासिद्धान्तनिर्णयात्मकपञ्चाङ्गाधारत्वम्।—વિષય, સંશય, સંગતિ, પૂર્વપક્ષ, અને સિદ્ધાન્તરૂપ નિર્ણય, એવાં પાંચ અંગનાં આધારરૂપ જે ન્યાય તેને અધિકરણ કહે છે. એ વિષે શ્લોક પણ છે કે:—

विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरम्।
सङ्गतिश्चेति पञ्चाङ्गा शास्त्रेऽधिकरणं स्मृतम्॥१॥

અર્થ ઉપર કહ્યો તેજ છે.

૬. कर्तृकर्मद्वारकफल व्यापाराधारः।—કર્તા અને કર્મદ્વારા ફળ ઉત્પન્ન કરવા માટે જે વ્યાપાર, તે વ્યાપારના આધારને અધિકરણ કહે છે. જેમ–' તપેલીમાં ભાત રાંધે છે. ' તપેલી આધકરણ છે.

**अधिकणरसिद्धान्तः**—यत्सिद्धावन्यप्रकरणसिद्धिः सोऽधिकरणसिद्धान्तः।—જેની સિદ્ધિ થવાથી બીજા પ્રકરણની સિદ્ધિ થાય તે અધિકરણ સિદ્ધાન્ત, જેમ–નેત્રવડે જોનારો અને ત્વચાવડે સ્પર્શ અનુભવનારો એકજ છે, એમ સિદ્ધ થયા પછી ' દેહ અને ઇંદ્રિયોથી જ્ઞાતા ભિન્ન છે ' એ પ્રકરણની સિદ્ધિ થાય છે માટે એ અધિકરણ સિદ્ધાન્ત છે.

**अधिकारः**—फलभोक्तृत्वे सति कर्मकर्तृत्वम्। ફળનું ભોક્તાપણું હોઇને જે કર્મનું કર્તાપણું તે

૨. उत्तरोत्तरसम्बन्धत्वम्।—એક પ્રસંગનો તેની પછીના પ્રસંગ સાથે, તેનો વળી તેની પછીના પ્રસંગ સાથે, એમ ઉત્તર ( પછીના ) સંબંધ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી અધિકાર કહેવાય.

૩. ( ધર્મશાસ્ત્રમાં ) यथेष्टं क्रयविक्रयादिकर्तृत्वसम्पादकस्वामित्वम्।—પોતાની ઇચ્છા પ્રમાણે વસ્તુને લેવા વેચવા વગેરેની ક્રિયા વગેરે કરવાનો હક સંપાદન કરી આપનાર ધણીપણું, તે અધિકાર.

૪. अनेकदेहारम्भकत्वे सति बलवत्प्रारब्धकर्मफलत्वम्।—અનેક દેહોનો આરંભ કરનારાં કર્મો છતાં બળવાન્ એવા પ્રારબ્ધ કર્મનું ફળ તે અધિકાર.

**अधिकारविधिः**—फलस्वाम्यबोधको विधिः—કર્મજન્ય ફળનું ભોક્તાપણું તે ફલસ્વામ્ય કહેવાય; જે વિધિ એવા ફલસ્વામ્યનો બોધ કરે છે તે અધિકારવિધિ.

૨. सेतिकर्तव्यताकस्य करणस्य यागादेः फलसम्बन्धबोधको विधिः।—ઇતિકર્તવ્યતા સહિત કરણરૂપ યાગનો ફળની સાથે જે સંબંધ છે, તેનો બોધ કરનારો વિધિ. ( ઇતિકર્તવ્યતા ઇ૦ શબ્દો જુઓ. )

For Private And Personal Use Only

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com